

મતદાનનો પ્રારંભ : ચૂંટણી ફરજમાં રોકાયેલા પોલીસ જવાનોએ બેલેટ પેપરથી મતદાન કર્યુ છે. ગાંધીનગર એસ.પી. કચેરી ખાતે પોલીસ કર્મચારીઓ, એસઆરપી જવાનો, હોમગાર્ડ જવાનોએ બેલેટ પેપરનો ઉપયોગ કરી મતદાનની પવિત્ર ફરજને નીભાવી હતી.

# ભાજપના ૧૮૨ પૈકી ૧૨૪ ઉમેદવારો ખેતી સાથે જોડાયેલા

## ભાજપના ૧૮૨ ઉમેદવારોમાં સૌથી વધુ મિથુન રાશિના

ગાંધીનગર, તા. ૨૬

રાજયની વિધાનસભાની ચૂંટણીઓનું પ્રચાર અભિયાન જોરશોરથી ચાલી રહ્યુ છે. ભાજપે જાહેર કરેલા ૧૮૨ ઉમેદવારો પૈકી ૧૨૪ ઉમેદવારો ખેતીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા છે અને તેથી જ આજે તેના સંકલ્પ પત્રની જાહેરાતમાં સૌથી પહેલી કૃષિને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાજપે જાહેર કરેલ ૧૮૨ ઉમેદવારોમાં ૭૯ ઉમેદવારો ૫૧ થી ૬૦ વર્ષની વયજૂથના છે. તેજ રીતે શિક્ષણની વાત કરીએ તો ધો. ૩ થી માંડીને પી.એચ.ડી., એમ.ડી. થયેલા ઉમેદવારો મેદાનમાં છે. તેમાં ઓલ્ડ એસ.એસ.સી. તથા ન્યુ.એસ.એસ.સી. સુધી અભ્યાસ કરનારા ૩૩ ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. ૭૦ થી વધુ વય ધરાવતા ઉમેદવારોમાં બાબુભાઈ જમનાદાસ પટેલ અને યોગેશ પટેલનો સમાવેશ થાય છે. ભાજપે જે યાદી જાહેર કરી છે તેને રાશિ પ્રમાણે જોઈએ તો ૧૨ રાશિના તમામ જાતકોને ટિકિટ આપવામાં આવી છે. રાશિ પ્રમાણે તપાસ કરતાં વૃશ્ચિક રાશિના ૫ અને કર્ક રાશિના ૭ ઉમેદવારો છે. મિથુન રાશિના ૨૭, કુંભ રાશિના ૨૦, તુલા અને મેષ રાશિના ૧૮-૧૮, સિંહ રાશિના ૧૭, મકર રાશિના ૧૬, કન્યા રાશિના ૧૫, વૃષભ રાશિના ૧૪, મીન રાશિના ૧૨ અને ધન રાશિના ૧૨ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ વિધાનસભા જંગમાં ૫૫ ટકા ઉમેદવારો ૪૧ થી ૬૦ વર્ષની વયજૂથના છે. મહિલા ઉમેદવારોની સંખ્યામાં સામાન્ય વધારો થયો છે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ઝુકાવનાર ૭૮૮ ઉમેદવારો પૈકી ૩૭ ઉમેદવારોએ પોતાના પાન નંબર જાહેર કર્યા નથી. આ ચૂંટણીમાં ૩૭ ઉમેદવારો નિરક્ષર છે.એડીઆર દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ઝુકાવનારા ઉમેદવારો પૈકી ૪૯૨ ઉમેદવારોએ પોતે ધો. ૫ થી ૧૨ સુધીનો જ અભ્યાસ કર્યો હોવાનું જણાવ્યુ છે. ૧૮૫ ઉમેદવારો સ્નાતક છે તો ૨૧ ઉમેદવારો ડિપ્લોમાં હોલ્ડર છે. ૫૩ ઉમેદવારોને માત્ર વાંચતા અને લખતાં જ આવડે છે.

ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારોમાં ૨૭૭ ઉમેદવારો ૨૫ થી ૪૦ વર્ષની વયના છે.

# મતદાર સ્લીપનું વિતરણ કાર્ય જિલ્લાભરમાં આરંભી દેવાયુ

## મતદારોને પરિવાર દીઠ મતદાર માર્ગદર્શિકાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજથી મતદાર સ્લીપ (વૉટર ઈન્ફર્મેશન સ્લીપ) તેમજ વૉટર ગાઈડનું વિતરણ કાર્ય આરંભાયુ છે અને તે વિતરણની કામગીરી ૨૬મીથી શરૂ થઈ છે અને ત્રણ દિવસમાં સંપન્ન કરી દેવામાં આવશે. જિલ્લામાં રજીસ્ટર્ડ મતદારોની સંખ્યા ૧૩ લાખ ૨૬ હજારથી વધુ છે. આ તમામ મતદારોને મતદાર સ્લીપ તેમજ પરિવાર દીઠ એક વૉટર ગાઈડ આપવામાં આવશે.

૧૨ પાનાની વૉટર ગાઈડમાં મતદાનને લઈ વિવિધ વિગતો અને જાણકારીઓ આપવામાં આવી છે. ગુજરાતી ભાષામાં આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકામાં મતદાર નોંધણી કેવી રીતે કરાવશો, મતદાર યાદીમાં નામ શોધવા, ટપાલ મતપત્ર, વૉટર હેલ્પલાઈનનો ઉપયોગ કરવા, મતદાનના દિવસે શું ધ્યાને રાખવુ, મતદારની ઓળખના માન્યતા પ્રાપ્ત દસ્તાવેજો, મતદાનની પ્રક્રિયાની વી.વી.પેટ શું છે તેમાં મતદાન પછી તમારા મતની ચાકસણી કઈ રીતે કરી શકો છો તેની જાણકારી સહિતની વિગતો આપવામાં આવી છે.

મતદાર સ્લીપ એ મતદાન માટે ઓળખ તરીકે નહિ ચાલે તેવી સ્પષ્ટતા પંચ કરી ચુક્યુ છે. આ વૉટર ઈન્ફર્મેશન સ્લીપના વિતરણ દરમ્યાન સ્લીપ મળી છે તેવી સહિ પણ બી.એલ.ઓ.ને કરી આપવાની રહેશે.

મતદાર સ્લીપમાં મતદાન મથકે પહોંચવાનો માર્ગ પણ દર્શાવવામાં આવ્યો છે. આ વખતે મતદાર સ્લીપમાં મતદારનો ફોટો નહિ હોય.

દરમ્યાન સંક્ષિપ્ત સુધારણા યોજાયેલ જેમાં નોંધણી કરાયેલ યુવા મતદારોને તેમના ઓળખકાર્ડ પોષ્ટ મારફત પહોંચતા કરી દેવામાં આવ્યા છે. આ કામગીરી લગભગ સંપન્ન થઈ જવા આવી છે.

## ગુડા દ્વારા અગાઉ બોર્ડ બેઠકમાં યોજના માટે મહત્વનો નિર્ણય

# સરગાસણમાં ૧૮ હજાર ચોમીમાં નવુ સ્પોર્ટસ સંકુલ બનાવાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણમાં નવુ સ્પોર્ટસ સંકુલ તૈયાર કરવાની યોજના હાથ ધરાશે. ગુડા દ્વારા ગત બોર્ડ બેઠકમાં આ યોજના અન્વયે નિર્ણય કરાયો હતો જયારે આ વિસ્તારમાં ૧૮ હજાર ચો મી જગ્યામાં સ્પોર્ટસ સંકુલ નિર્માણ કરાશે આ માટે અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાં વિવિધ રમતગમતોને અનુલક્ષી અદ્યતન સુવિધાઓ ઉભી કરાશે. ગાંધીનગરમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષની યોજના અન્વયે આગામી લોકસભા ચુંટણી પુર્વે કામ પુર્ણ કરી દેવા માટે આયોજન કરાયુ છે. ગુડા દ્વારા આ યોજના અંતર્ગત અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વર્ષ ૨૦૩૬ માં ઓલિમ્પક ગેમ્સનુ આયોજન ભારતમાં કરવામાં આવે તેવા પ્રયાસો પણ કેન્દ્ર સરકારે હાથ ધર્યા છે. જયારે આ ગેમ્સમાં ગુજરાતની ભુમિકા પણ મહત્વની બની રહેશે. વિશ્વના રમત ગમત સંકુલો કરતા પણ વધુ સુવિધાયુકત અને ભવ્ય સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવાની અબજો ખર્ચની યોજના હાથ ધરવામાં આવી છે. અમદાવાદ વિશ્વને ટક્કર મારે તે મુજબની યોજના માટે પણ ગતિવિધિઓ હાથ ધરાઈ છે. જયારે ઓલમ્પિક ગેમ્સના યજમાનમાં પણ ગાંધીનગરનો સમાવેશ થાય તે દીશામાં પ્રયાસો કરવામાં આવશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગત ફેબ્રુઆરી મહીનાના બજેટમાં ૧૮ હજાર ચો મી જગ્યામાં રમતગમત સંકુલ બનાવાની યોજના પણ જાહેર કરવામાં આવી હતી. જયારે સરગાસણ વિસ્તારમાં આ સ્પોર્ટસ સંકુલ તૈયાર કરાશે. સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના આ સંકુલનુ કામ આગામી ડિસેમ્બર ૨૦૨૩ અગર જાન્યુઆરી ૨૪ સુધીમાં પુર્ણ કરવા માટે પણ તંત્ર સજજ છે. જયાં ઈન્ડોર ગેમ્સમાં ઓલમ્પિક કક્ષાનો સ્વીમીંગ પુલ, ક્વર્ડ સ્વીમીંગ પુલ, જયાં કોઈપણ મોસમમાં રમતગમતનુ આયોજન થઈ શકે તે મુજબનુ આયોજન કરાશે આ ઉપરાંત બેડમિંગ્ટન કોર્ટસ ટેબલ ટેનિસ , સ્કેટીંગ , કરાટે , જુડો અને સ્કવોશ તેમજ જિમ્નેશિયમની રમતો માટે પણ વ્યસ્થા ઉભી કરાશે. આ ઉપરાંત યોગા એરોબિકસ અને ફલોર એકસરસાઈઝ માટે તેમજ શુટીંગ ગેમ્સની રેન્જ રહેશે. જયારે આઉટડોર ગેમ્સ માટે વોલીબોલ , મલ્ટીપરપઝ કોર્ટસ તેમજ બાસ્કેટ બોલ માટે બે કોર્ટસ , લાઈબ્રેરી કાફેટેરિયા , મલ્ટીપરઝ હોલ પણ રહેશે આ ઉપરાંત દરેક કોર્ટમાં પ્રેક્ષક ગેલેરી પણ તૈયાર કરવામાં આવશે.


પ્રવાસી શિક્ષકો જોઈએ છે
એમ.કોમ. બીએડ
બીએ બીએડ
બીએસસી બીએડ
૮૯૮૦૯૨૮૦૮૦

જોઈએ છે લેડીઝ-જેન્ટસ
સિલાઈ મશીન ઓપરેટર 300
મહિને ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ કમાવવાની તક
CCTV, સ્વચ્છ, સુંદર કંપની
હોસ્ટેલ સુવિધા ● ફ્રી ટ્રેનિંગ
NiceG Pvt. Ltd.
3107, ફેસ-3, GIDC, છત્રાલ
9998000921/2


## જાહેરાત

આથી ધી સિધ્ધિ વિનાયક પાર્ક કો.ઓ.હા.સ.સો.લિ. સરગાસણ તા.જિ.ગાંધીનગરના તમામ મકાનધારકો તેમજ પ્લોટ ધારકોને જાણ કરવામાં આવે છે કે સોસાયટીમાં ગટર / પાણીની લાઈન માટેના કામને મહાનગરપાલિકાએ મંજુરી આપતાં સોસયટીએ પોતાનો ફાળો મ.ન.પા.માં જમા કરાવવાનો થાય છે. જે અન્વયે સોસાયટીની તા.૨૪/૧૧/૨૦૨૨ની તાકીદની સભામાં ઠરાવ થયા મુજબ દરેક મકાન / પ્લોટ ધારકે તાત્કાલિક રૂપિયા ૧૦,૦૦૦/- દસ હજાર પૂરા સોસાયટીમાં જમા કરાવી દેવા અન્યથા તા.૧૧/૧૨/૨૦૨૨ થી સદર રકમ પર વાર્ષિક ૧૮ ટકા લેખે વ્યાજ ગણવામાં આવશે અને વ્યાજ સાથેની રકમ તેમજ સોસાયટીની નિયમાનુસાર અન્ય તમામ લેણી રકમ પૂરેપૂરી ભરપાઈ કર્યા બાદ જ તેઓ ગટર તેમજ પાણીનું જોડાણ મેળવવા પાત્ર ગણાશે. જેની નોંધ લેવા વિનંતી. આ અંગે સોસાયટીની ઓફીસમાં હોદ્દેદારોનો સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન સંપર્ક કરવો.


ફ્લેટ વેચવાનો છે
2 BHK 140 Sq.Yrd.
પહેલો માળ, ગાર્ડન વ્યુ
'સાર્થક હેવન'
પહેલો માળ, મેઈન રોડ, કુડાસણ, ગાંધીનગર
સંપર્ક: 92 2727 2929

તાત્કાલિક વેચવાનો છે
૬૬૦ ચો.વાર અનંત ડ્રિમ્સ, મહુડીથી ૯ કીમી પહેલા વાડીલાલ સામે
સંપર્ક
૯૭૨૪૩ ૫૦૭૫૦
૯૩૨૬૨ ૨૮૫૮૨

શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી
81550 20044 | 81530 08666
ગુડ હેલ્થ મીશન
ડાયાબિટીસ ટેસ્ટ ફ્રી સાથે અન્ય ટેસ્ટ પર ૪૦% સુધીનું ડિસ્કાઉન્ટ
સ્થળ (૧) : મહાકાલી મંદિર નજીક, શાક માર્કેટ ભાગોળ, વાવોલ.
સ્થળ (૨) : ડી-૧૦૨, શારદા કોમ્પલેક્ષ, હોટલ બેલેનની નીચે, પહેલો માળ, વાવોલ.
તારીખ : ૩૦/૧૧/૨૦૨૨ બુધવાર | સમય : સવારે ૭:૦૦ થી ૧:૦૦











Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com